પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૧૮ | ૩૦ જાન્યુઆરી, ૨૦૧૭, સોમવાર ; મહા સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# યુપીમાં ગઠબંધન ગંગા-યમુનાના મિલન સમાન


**લખનૌ ખાતે કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ, રોડ-શો અને રેલીને સંબોધન કર્યું : ઉત્તરપ્રદેશમાં ૩૦૦ કરતા વધુ બેઠકો ગઠબંધનને મળશે : રાહુલે સપા-કોંગ્રેસના ગઠબંધનને ગંગા-યમુનાના સંગમ સમાન ગણાવ્યું**



લખનૌ, તા. ૨૯

ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઈ ગયા બાદ અને ગઠબંધન કરવામાં આવ્યા બાદ પ્રથમ વખત આજે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવ અને કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી એકમંચ ઉપર આજે નજરે પડ્યા હતા. સાથે સાથે લખનૌની તાજ હોટલમાં આયોજિત સંયુક્ત પત્રકાર પરિષદમાં પ્રશ્નોના જવાબ આપ્યા હતા. ગઠબંધનના નવા સ્લોગન યુપી કો યે સાથ પસંદ હૈ જારી કરીને ગઠબંધનનો બચાવ કરવામાં આવ્યો હતો. બેબી કો બેસ પસંદ હૈ ગીતની લોકપ્રિયતા બાદ તેના આધાર પર આ સ્લોગન કોંગ્રેસ અને સપા દ્વારા તૈયાર કરીને લોકોને પ્રભાવિત કરવાના પ્રયાસ કરવામાં આવ્યા છે. રાહુલ ગાંધીએ પત્રકાર પરિષદની શરૂઆત કરતા કહ્યું હતું કે, ઉત્તરપ્રદેશમાં પ્રથમ શબ્દ ઉત્તર છે અને આ ગઠબંધન એક જવાબ છે. ઈતિહાસમાં ઉત્તરપ્રદેશે દુનિયાને જવાબો આપ્યા છે. ૧૮૫૭માં કંપની રાજની સ્થિતિ હતી. યુપીની આકર્ષક વિચારધારા મળી હતી અને કંપનીરાજનો યોગ્ય જવાબ આપવામાં આવ્યો હતો. અમે નફતરની રાજનીતિ, વિભાજિત કરવાની રાજનીતિ અને કંપનીને હિન્દુસ્તાનની સંપત્તિ આપવાની રાજનીતિનો જવાબ આપવા માંગીએ છે. એક રીતે ગંગા અને યમુનાનું મિલન થયું છે.

● અનુસંધાન પાન-૭ પર



કોટિ-કોટિ વંદન - શાંતિ અને અહિંસાના પૂજારી પૂજ્ય ગાંધીબાપુની પુણ્યતિથિએ કોટિ-કોટિ વંદન... વિશ્વ આખું મહાયુદ્ધ તરફ ઢસડાઈ રહ્યું છે ત્યારે પૂજ્ય બાપુના વિચારો આજે પણ એટલા જ પ્રસ્તુત છે... એવા ભાવ સાથે બાપુના પગલે ચાલવાનું સામર્થ્ય પ્રગટે એવી પ્રાર્થના....

# સ્માઈલ મોર, સ્કોર મોર : મોદી મંત્ર

**મન કી બાત કાર્યક્રમમાં મોદીની વિદ્યાર્થીઓ-વાલીઓને સલાહ**
**પુસ્તકોની બહાર પણ લાઈફ છે, અભ્યાસની સાથે ખેલકૂદ જરૂરી છે**



નવી દિલ્હી, તા. ૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દેશવાસીઓ સાથે ફરીએકવાર મન કી બાત કાર્યક્રમમાં પોતાના અભિપ્રાયની આપલે કરી હતી. વર્ષ ૨૦૧૭માં મન કી બાત કાર્યક્રમના પ્રથમ એપિસોડમાં મોદીએ જમ્મુ કાશ્મીરમાં હિમવર્ષાના કારણે ભેખડો ધસી પડતા પ્રાણોની આહૂતિ આપનાર જવાનોને શ્રદ્ધાંજલિ આપવાની સાથે સાથે વીરતાપુરસ્કારથી સન્માનિત થનાર જવાનો અને તેમના પરિવારને શુભેચ્છા પણ પાઠવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### અમેરિકન માટે ઈરાનમાં નો એન્ટ્રી



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા સાત મુસ્લિમ દેશોના નાગરિકોના પ્રવેશ પર પ્રતિબંધ લગાવ્યા બાદ ઈરાને જડબાતોડ જવાબ આપ્યો છે. હવે કોઈ અમેરિકનને ઈરાનમાં પ્રવેશ મળી શકશે નહિ.

### મુલાયમસિંહે ગઠબંધનનો વિરોધ

ઉત્તરપ્રદેશની ચૂંટણી માટે




કોંગ્રેસ અને સપા સાથેના ગંઠબંધનનો સપાના સુપ્રીમો મુલાયમસિંહ યાદવે વિરોધ કર્યો હતો. મુલાયમસિંહ જણાવ્યું હતું કે, કોંગ્રેસ સિવાય પણ સમાજવાદી પક્ષ ઉત્તરપ્રદેશમાં જંગી બહુમતિથી જીતી શકે એમ છે. ગંઠબંધનની સહેજે ય જરૂર નથી.

### ઉમેદવારોને રોકડ ઉપાડવાની મર્યાદા નહિ વધારાય

પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણી લડતા ઉમેદવારોને બેંકમાંથી રોકડ ઉપાડવાની મર્યાદા વધારવાની ચૂંટણી પંચની દરખાસ્તને રીઝર્વ બેંકે ફગાવી દીધી છે.

### રાજપથ પર બિટીંગ ધ રીટ્રીટ સમારોહ સંપન્ન



દિલ્હીના રાજપથ પર દર વર્ષે ૨૯મીએ યોજાતો બિટીંગ ધ રીટ્રીટ સમારોહ શાનદાર સંપન્ન થયો.

### મનુ પંજાબીએ બીગ બોસમાંથી લીધી વિદાય



બીગ બોસ ફાઈનલમાંથી મનુ પંજાબીએ વિદાય લઈ અન્ય સ્પર્ધકો માટે માર્ગ મોકળો કર્યો હતો. ફાઈનલમાંથી નીકળી જવા માટે બીગબોસે કરેલી દસ લાખની ઓફર મનુ પંજાબીએ સ્વીકારી લીધી હતી.

### ઓસ્ટ્રેલિયન ઓપનમાં સાનિયાનું સ્વપ્ન રોળાયું

મેલબોર્ન,તા. ૨૯

મેલબોર્ન પાર્ક ખાતે રમાઈ રહેલી વર્ષની પ્રથમ ગ્રાન્ડસ્લેમ ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં આજે રમાયેલી મિક્સ્ડ ડબલ્સની ફાઈનલમાં ભારતની સ્ટાર ટેનિસ ખેલાડી સાનિયા મિર્ઝા અને ઈવાન ડોડિગની જોડીની હાર થઈ હતી.

# કેજરીવાલ સામે ફરિયાદ દાખલ કરવા ચૂંટણી પંચનો આદેશ

**કેજરીવાલની મુશ્કેલીમાં સતત વધારો : લાંચ વાળા નિવેદન બાદ કેજરીવાલને હજુ પણ મુશ્કેલીનો સામનો કરવો પડે તેવા સંકેત**



નવી દિલ્હી,તા. ૨૯

દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલની તકલીફમાં વધુ વધારો થયો છે. ચૂંટણી પંચે ચૂંટણી આચારસંહિતાના ભંગના મામલામાં કેજરીવાલની સામે એફઆઈઆર માટેનો આદેશ કરી દીધો છે. કેજરીવાલે ૮મી જાન્યુઆરીના દિવસે ગોવામાં એક ચૂંટણી સભા દરમિયાન મતદારોને બીજી પાર્ટીઓ પાસેથી પૈસા લેવા અને આમ આદમી પાર્ટીને મત આપવાની અપીલ કરી હતી. આ નિવેદન બાદ ચૂંટણી પંચે કેજરીવાલને ચેતવણી આપી હતી. ત્યારબાદ એએપી નેતાએ ચૂંટણી પંચના નિર્ણયને ગેરબંધારણીય અને અયોગ્ય ગણાવીને કોર્ટમાં જવાની વાત કરી હતી. ૮મી જાન્યુઆરીના દિવસે કેજરીવાલે ગોવાના બેનોલીમ વિધાનસભા ક્ષેત્રમાં એક ચૂંટણી રેલી દરમિયાન લોકોને અપીલ કરતા કહ્યું હતું કે, કોંગ્રેસ અને ભાજપ પાસેથી પૈસા ચોક્કસપણે લેવામાં આવે પરંતુ મત આમ આદમી પાર્ટીને આપવા જોઈએ. જો કોંગ્રેસ અને ભાજપના ઉમેદવાર પૈસા આપે છે તો ઈન્કાર કરવાની જરૂર નથી. પૈસા લઈ લેવા જોઈએ. આ પૈસા આપના છે પરંતુ જ્યારે વોટ આપવાની વાત આવે છે ત્યારે આમ આદમી પાર્ટીના ઉમેદવારને મત આપવા જોઈએ. ગયા સપ્તાહમાં જ ચૂંટણી પંચે કેજરીવાલને તેમની ટિપ્પણી બદલ જોરદાર ફટકાર લગાવી હતી અને

● અનુસંધાન પાન-૭ પર

# ફેડરરે નડાલને હરાવીને ૧૮મી ગ્રાન્ડસ્લેમ જીતી

મેલબોર્ન,તા. ૨૯

રોજર ફેડરરે આજે વધુ એક ઈતિહાસ સર્જ્યો હતો. વર્ષની પ્રથમ ગ્રાન્ડસ્લેમની ફાઈનલમાં રોજર ફેડરરે આજે પુરુષ સિંગલ્સનો તાજ

**બંને વચ્ચે ૯મી ગ્રાન્ડસ્લેમની ફાઈનલ રમાઈ : ફેડરરે ત્રીજી વખત જીત મેળવી :૩૫ વર્ષની વયમાં રેકોર્ડ કર્યો**



જીતી લીધો હતો. ફાઈનલ મેચમાં રોજર ફેડરરે તેના નજીકના હરીફ સ્પેનના નડાલને હાર આપી હતી. આની સાથે જ ૧૮મી ગ્રાન્ડસ્લેમ જીતી લીધી હતી. ફેડરરે ફાઈનલ મેચમાં નડાલ પર ૬-૪, ૩-૬, ૬-૧, ૩-૬ અને ૬-૩થી જીત મેળવી હતી. આ બંને વચ્ચે ૯મી ગ્રાન્ડસ્લેમ ફાઈનલ રમાઈ હતી જેમાં ફેડરર ત્રીજી વખત જીતી ગયો છે. ૩૫ વર્ષીય ફેડરરે ગ્રાન્ડસ્લેમની ફાઈનલમાં શાનદાર શરૂઆત કરી હતી અને પ્રથમ સેટમાં નડાલને ૬-૪થી હાર આપી દીધી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# નોટબંધી બાદ મહિનામાં જનધનમાંથી ૫૫૮૨ કરોડથી વધુ ઉપાડાયા

નવીદિલ્હી,તા. ૨૯

૭મી ડિસેમ્બર બાદથી જનધન ખાતાઓમાંથી ૫૫૮૨.૮૩ કરોડ રૂપિયા પાછા ખેંચી લેવામાં આવ્યા છે. નોટબંધીની અસર વચ્ચે આ આંકડા સપાટી ઉપર આવ્યા છે. નાણામંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, સાતમી ડિસેમ્બરના દિવસે કુલ ડિપોઝિટનો આંકડો ૭૪૬૧૦ કરોડ રૂપિયાનો નોંધાયો હતો ત્યારબાદ ૧૧મી જાન્યુઆરીના દિવસે તેમાં તબક્કાવારરીતે ઘટાડો થયો હતો અને આંકડો ૬૯૦૨૭.૧૭ કરોડ રહ્યો હતો. સાતમી ડિસેમ્બરથી લઈને ૧૧મી જાન્યુઆરી વચ્ચેના ગાળા દરમિયાન કુલ ડિપોઝિટનો આંકડો ૫૫૮૨.૮૩ કરોડ ઘટી ગયો હતો. દેશમાં જનધન ખાતાઓની સંખ્યા હાલમાં ૨૬.૬૮ કરોડ છે. જનધન ખાતામાં ડિપોઝિટ માટે અપર લિમિટ ૫૦૦૦૦ રૂપિયાની છે. ૯મી નવેમ્બરના દિવસે રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ બંધ થઈ ગઈ હતી. ૮મી નવેમ્બરના દિવસે આ નોટને બંધ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. ૯મી નવેમ્બરના દિવસે નોટબંધી અમલી બન્યા બાદ ૨૫.૫ કરોડ આવા ખાતામાં ડિપોઝિટનો આંકડો ૪૫૬૩૬.૬૧ કરોડનો હતો.

પહેલી ફેબ્રુઆરીએ રજૂ થનાર

**કેન્દ્રીય અંદાજપત્ર**

આપની શું અપેક્ષા છે ? કેવું હશે અંદાજપત્ર ?

...સવાલોના જવાબો આપની પાસેથી જાણવા છે...

**આજે સાંજે ૫-૦૦ વાગ્યા સુધી**

કાગળની એક બાજુ લખાણ લખી આપના ફોટા સાથે મોકલવા વિનંતી છે.

ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

**કેરટેકર જોઈએ છે**

સેક્ટર-૩(એ) ન્યુમાં રહેતા ૭૫ વર્ષના વૃદ્ધ માજી માટે ૨૪ કલાકના કેરટેકર બહેનની જરૂરિયાત છે.
સંપર્ક : ૯૮૨૫૦ ૯૮૪૮૬ ૯૮૨૫૦ ૦૦૬૬૧

**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર

